ક્રિમીનલ પરચુરણ અરજ નં. ૧૩૫/૨૬

**આંક–૧ લગત હુકમ**

સદર કામના અરજદાર ઠાકોર અજીતજી મણાજી નાઓએ પોતાની પત્ની ભુમીકાબેન ને આ કામના સામાવાળા નંબર ૧ થી ૩ નાઓએ ગેરકાયદેસર ગોધી રાખેલ હોય તેનો કબ્જો મેળવવા હાલની સર્ચ વોરંટની અરજી કરતા ના. કોર્ટે આ કામના સામાવાળાઓને નોટીસ કાઢતા આજરોજ આ કામના સામાવાળાઓ ના. કોર્ટ રૂબરૂ હાજર થયેલા છે.

ના. કોર્ટ રૂબરૂના સોગંદ ઉપરના નિવેદનમા આ કામના અરજદારના પત્ની ને રૂબરૂમા પુછતા તેઓ પુખ્ત વયના હોય અને પોતાના માતા પિતા સાથે રહેવા માંગતા હોવાનુ જણાવે છે તેમને કોઈએ ગેરકાયદેસર રીતે ગોધી રાખેલ નથી કે કોઈની ધાક ધમકી કે દબાણ નથી તેઓ સ્વેચ્છીક રીતે પોતાના માતા પિતા સાથે રહેવાનુ જણાવતા હોય નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

::: હુકમ :::

અરજદારની હાલની અરજી નામંજુર કરવામા આવે છે.

હુકમ આજ તારીખ ૧લી એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧–૪–૨૦૨૬
સ્થળ:– કડી

(આર્ય રામકુમાર)
એડી.સીની.સીવીલ જજ,કડી
કોડ નં. GJ 01324